અપીલ અરજી નં.૩૫૧ તા.૧૦–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી નરેશભાઈ બી. ચૌહાણ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ બી. ચૌહાણની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ૩૧ વર્ષના ઉચ્ચતર પગાર અંગે મુદ્દા નં.(૧) ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં આવ્યા પછી રૂા.૧૬૦૦ થી ૨૯૦૦ નો પગાર ધોરણ જે નિવૃત શિક્ષકોને આપેલ છે તે પગાર ધોરણ પહેલું કે બીજું આપવામાં આવેલ છે અને સર્વીસબુકમાં તેની નોંધ કયા ઉચ્ચતર પગાર ધોરણની કરવામાં આવેલ છે પહેલા કે બીજા? વિગરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૧/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ બી. ચૌહાણની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ૩૧ વર્ષના ઉચ્ચતર પગાર અંગે મુદ્દા નં.(૧) ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં આવ્યા પછી રૂા.૧૬૦૦ થી ૨૯૦૦ નો પગાર ધોરણ જે નિવૃત શિક્ષકોને આપેલ છે તે પગાર ધોરણ પહેલું કે બીજું આપવામાં આવેલ છે અને સર્વીસબુકમાં તેની નોંધ કયા ઉચ્ચતર પગાર ધોરણની કરવામાં આવેલ છે પહેલા કે બીજા? વિગરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તરફથી પત્ર નં.જાવક નં.૫૬ તા.૭–૧–૧૧ થી દસ્તાવેજી ફી ભરાવી આપેલ માહિતી અસ્પષ્ટ જવાબ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલ મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૭ તા.૨૫–૨–૧૧ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારનેઅપીલ અરજીમાં માંગેલ માહિતી પૈકી કયા મુદ્દા અંગે અસ્પષ્ટ જવાબ છે તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી સ્પષ્ટતા અંગેની પૂરક વિગતો તા.૪–૩–૧૧ ના પત્રથી મળેલ છે. જેમાં અરજદારને અસ્પષ્ટ માહિતી અંગે વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદારે અપીલમાં જણાવેલ જોડાણની નકલ રજૂ કરેલ.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી ૩૧ વર્ષના ઉચ્ચતર પગાર અંગે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. ને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.૫૬ તા.૭–૧–૧૧ થી માહિતી દસ્તાવેજ પેટે પાના નંગ–૧૨ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨૪/– ભરપાઈ કરી જરૂરી નકલો મેળવવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી રસીદ નં.૩૬૯૦ તા.૧૧–૧–૧૧ થી ભરપાઈ કરવામાં આવેલ. અને અરજદારને તે જ તારીખે માહિતી પૂરી પાડવામાં આવેલ. જેની સાથે ગુજરાત સરકાર સરકારી ઠરાવ ક્રમાંક પગર/૧૧૯૪–૪૫–મ નાણા વિભાગ સચિવાલય ગાંધીનગરનો તા.૧૬–૮–૧૯૯૪ નો ઠરાવની નકલ તથા તા.૧–૬–૯૮ થી તા.૩૦–૬–૦૬ સુધીના નિવૃત થયેલ શિક્ષકોને ૩૧ વર્ષના પગાર ધોરણ મળવા પાત્ર અંગેની માહિતી માહિતીનું પત્રક આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં આવ્યા પછી રૂા.૧૬૦૦ થી ૨૯૦૦ નો પગાર ધોરણ જે નિવૃત શિક્ષકોને આપેલ છે તે પગાર ધોરણ પહેલું કે બીજું આપવામાં આવેલ છે અને સર્વીસબુકમાં તેની નોંધ કયા ઉચ્ચતર પગાર ધોરણની કરવામાં આવેલ છે પહેલા કે બીજા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રથમ ૧૭ વર્ષે રૂા.૪૦૦–૬૦૦ સીલેકશનગ્રેડને બઢતી ગણેલ હોય તથા બીજા ગ્રેડ રૂા.૧૪૦૦–૨૬૦૦ તથા રૂા.૧૬૪૦–૨૯૦૦ નું પગાર ધોરણ આપેલ હોય ૩ થી વધુ બઢતી નો લાભ આપી શકાય નહીં. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે ૧૭ વર્ષે રૂા.૪૦૦–૬૦૦ નો સીલેકશન ગ્રેડ આપેલ નથી પરંતુ સીનીયર ગ્રેડ આપેલ છે તેથી આ પગાર ધોરણ સામે ૧૪૦૦ થી ૨૬૦૦ નો ગ્રેડ તા.૧–૧–૮૬ થી અમલમાં આવેલ ચોથા પગાર પંચ મુજબ પરિવર્તિત કરેલ છે અલગ બીજો ગ્રેડ આપેલ નથી કે ઉચચતર પગાર ધોરણ પણ આપેલ નથી. આમ અરજદારની અપીલની રજૂઆત તકરાર નિવારણને લગતી છે. મુદ્દા નં.(૨) શિક્ષણ સમિતિએ તા.૧–૬–૯૮ થી તા.૩૦–૬–૦૬ સુધીમાં નિવૃત થયેલ ૩૧ વર્ષના પગાર ધોરણ મળવા પાત્ર અંગેની માહિતી. માહિતી અધિકાર અધિનિયમ અન્વયે અગાઉ સંઘને આપેલ માહિતી પૂરતી આપેલ નથી. અને જે શિક્ષકોની યાદી આપેલ છે તેઓને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ કયારે મુકાવ્યુ અને એમની સર્વીસબુકમાં પ્રથમ ઉચ્ચતર આપ્યાની નોંધ હોય તો ગુજરાત સરકારશ્રીના વખતો વખતના જી.આર. અનુસાર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપ્યા પછી ૧૧ વર્ષની નોકરી પૂર્ણ થતા બીજું ઉચ્ચતરપગાર આપવાનું છે તે આ સાથેની યાદીમાં જણાવેલ શિક્ષકોને કયારે કયારે આપવામાં આવેલ છે તે શિક્ષકોની યાદી પ્રથમ ઉચ્ચતરની આપ્યાની તારીખ ને બીજું ઉચ્ચતર પગાર આપ્યા ની તારીખ મળવાપાત્ર જે તે શિક્ષકોના નામ સાથેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત સરકારશ્રીના જી.આર મુજબ અમલ કરવામાં આવે છે અમોએ તમને આપેલ માહિતીથી સંતોષ ન હોય તો તમો રૂબરૂ આવી સેવાપોથીથી સબંધિત શિક્ષકોની અગાઉથી સમય મેળવી તપાસી શકો છો. અગાઉ પણ આ અંગે સંઘના પ્રતિનિધિ સાથે એલ. એફ કચેરી સુરત તથા જિલ્લા પંચાયત સુરતમાં ૩૧ વર્ષના ગ્રેડ માટે રૂબરૂ માં મુલાકાત લીધી હતી જે અંગે આપ વિદિત છો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે રૂા.૧૬૪૦ થી ૨૯૦૦ નો પગાર ધોરણ પ્રથમ ઉચ્ચતર તરીકે તા.૧–૬–૮૭ ના રોજ કે તે પછી ૯ વર્ષ કે તેથી વધુ વર્ષથી નોકરી પૂરી થયેથી આપેલ છે. બીજુ ઉચ્ચતર પગાર ધોરણ આપેલ નથી. સેવાપોથીમાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ આપવાની સ્પષ્ટ નોંધ છે. ૨ થી વધુ બઢતી આપેલ નથી. સર્વીસબુકમાં આ અંગે સ્પષ્ટ નોંધ છે તથા એલ. એફ.ની પણ નોંધ છે. સરકારશ્રીના ઠરાવો સ્વયં સ્પષ્ટ છે. તથા માહિતી સ્પષ્ટ નથી તેવું જણાવેલ છે પરંતુ શું માહિતી સ્પષ્ટ નથી તેનો ઉલલેખ નથી. તેમ

છતાં જાહેર માહિતી અધિકારીએ તે બાબતે ઈન્સ્પેકશન પણ આપવાની તૈયારી દર્શાવેલ છે. મુદ્દા નં.(૩) મજકુર સંઘને આપની કચેરી તરફથી જા.નં.૩૭૪૭ તા.૧૮/૨૦–૧૦–૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં જે કામગીરી કરેલ હોય તેની તારીખવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મળવાપાત્ર ગ્રેડ ન હોઈ કામગીરી કરવાની રહેતી નથી. જે અંગે અરજદારને અપીલ તબકકે ૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦–૧૦૫૦૦) નું પગાર ધોરણ મળવા પાત્ર શિક્ષકોની યાદી તથા કરવા યોગ્ય કાર્યવાહી માહિતી અધિકાર અધિનિયમ મુજબ શિક્ષણ સમિતિએ આપેલી માહિતી અનુસારની જ છે યાદી સંગે આપેલ નથી. મુદ્દા નં.(૪) તા.૨૦–૧૦–૦૮ પછી આજ સુધીમાં કેટલી સેવાપોથી જરૂરી નિયત પત્રક ભરીને એલ. એફ. કચેરી , નાનપુરા, સુરતને કયારે કયારે મોકલી તેની શિક્ષકોના નામ સાથેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી૩૧ વર્ષનો ગ્રેડ આપવા પાત્ર ન હોઈ એલ. એફ. કચેરી સુરતમાં સેવાપોથી મોકલેલ નથી. જે અંગે અરજદારને અપીલ તબકકે ૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦–૧૦૫૦૦) નું પગાર ધોરણ મળવા પાત્ર શિક્ષકોની યાદી તથા કરવા યોગ્ય કાર્યવાહી માહિતી અધિકાર અધિનિયમ મુજબ શિક્ષણ સમિતિએ આપેલી માહિતી અનુસારની જ છે યાદી સંગે આપેલ નથી. મુદ્દા નં.(૫) બીજું ઉચ્ચતર પગાર ધોરણ આજ સુધી મળવા પાત્ર શિક્ષકોને કયા કારણસર આપવામાં આવેલ નથી તેની પૂરેપૂરી વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારા તરફથી મળેલી યાદી મુજબના શિક્ષકોને ગ્રેડ મળવાપાત્ર ન હોઈ જેથી ગ્રેડ આપેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે ૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦–૧૦૫૦૦) નું પગાર ધોરણ મળવા પાત્ર શિક્ષકોની યાદી તથા કરવા યોગ્ય કાર્યવાહી માહિતી અધિકાર અધિનિયમ મુજબ શિક્ષણ સમિતિએ આપેલી માહિતી અનુસારની જ છે યાદી સંગે આપેલ નથી. મૂદ્દા નં.(૬) અગાઉ આપેલી અધૂરી માહિતી આપવા માટે ન.પ્રા.શિ.સ. સુરતને જાણ કરેલી હોવા છતાં આજ દિન સુધી પૂરી માહિતી આપેલ નથી જે વિગત પણ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અગાઉ માહિતી આપેલ છે કઈ માહિતી અધૂરી છે તે સ્પષ્ટતા કરવી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૨–૧૨–૦૬ તથા ૨૦–૧૦–૦૮ મુજબ માંગેલી માહિતી પૂરી આપેલ નથી તેવું જણાવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં કઈ માહિતી અધૂરી છે તે સ્પષ્ટતા કરવી તેમ છતાં અરજદારે અપીલ તબકકે માહિતી અધૂરી હોય તેવી વિગતો જણાવેલ નથી. વધુમાં અરજદારે તે બાબતે આપેલી માહિતીમાં સંતોષ ન થતો હોય તો કચેરીનો સમય મેળવી ઈન્સ્પેકશન મેળવવા જણાવેલ છે. મુદ્દા નં.(૭) તા.૩૧–૧૨–૧૯૮૫ સુધીમાં જે શિક્ષકોને રૂા.૪૦૦/– થી ૬૦૦/– ના પગાર ધોરણમાં સિલેકશન સિનીયર ગ્રેડ મળેલ છે તેની સામે તા.તા.૧–૧–૮૬ થી રૂા.૧૪૦૦ થી રૂા.૨૬૦૦/– પગાર ધોરણ ચોથા પગારપંચ પ્રમાણે આપેલ છે આવા શિક્ષકોને તા.૧–૬–૮૭ થી અમલમાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ ૯–૨૦ ને ૩૧ વર્ષની નોકરી થયેથી આપવાનું ઠરાવેલ હોય તારીખ ૧–૬–૮૭ કે ત્યાર બાદ ૯ વર્ષ પૂરા કરનારને રૂા.૧૬૪૦–૨૯૦૦ નું પગાર ધોરણ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ચૂકવેલ છે ત્યાર પછી ૧૧ વર્ષ પૂર્ણ થતા બીજું ઉચ્ચતર રૂા.૨૦૦૦/–૩૫૦૦ (૬૫૦૦–૧૦૫૦૦) આપવાનું છે એ કયા સંજોગોમાં આપેલ નથી તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત મુજબ ૧૭ વર્ષે સીલેકશન ગ્રેઢ આપેલ હોય જેને સરકારશ્રીએ બઢતી ગણેલ હોઈ તે મુજબ રૂા.૪૦૦ થી ૬૦૦ તથા રૂા.૧૪૦૦ થી ૨૬૦૦ અને રૂા.૧૬૪૦ થી ૨૯૦૦ નો પગાર ગ્રેડ આપવામાં આવેલ છે. જેથી રૂા.૨૦૦૦ થી ૩૫૦૦ નું પગાર ધોરણ આપી શકાય નહીં. તા.૧૬–૮–૯૪ ના જી.આર. મુજબ કોલમ –૩(૫) ૩(૭) અને ૩(૨૯) ધ્યાને લેવા વિનંતી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માહિતી ખોટી અને બીન પાયાદાર જણાવેલ છે. ૧૭ વર્ષે સીલેકશન ગ્રેડ આપેલ નથી. અ.નં.૪ માં જણાવ્યા પ્રમાણે અને ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પગર/૧૧૯૪/૪૫ તા.૧૬–૮–૯૪ સ્વયં સ્પષ્ટ છે કોલમ નં.૩(૫) ૩(૭) અને ૩(૨૯) પણ સ્વયં સ્પષ્ટ છે ૩(૫) બે કરતાં વધુ બઢતીઓ ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોવા જોઈએ નહીં. ૩(૭) ૧–૬–૧૯૮૭ ના રોજ કે ત્યાર બાદ નવ વર્ષ કરતાં વધુ નોકરી કરી હોય તેમને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં બીજા ૧૧ વર્ષની નોકરી પૂરી કરે ત્યાર બાદ પાત્રતાના આધારે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવા પાત્ર થહે તે જ પ્રમાણે રૂા.૧૬૦૦૪૦ થી ૨૯૦૦ નો પગાર ધરોણ પ્રથમ ઉચ્ચ્ર તરીકે મળેલ હોઈ ત્યાર બાદ ૧૧ વર્ષ પૂર્ણ થયે રૂા.૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦ થી ૧૦૫૦૦) જું પગાર ધોરણ મળવા પાત્ર છે. ૩/૨૯ સીલેકશન/સીનીયર ગ્રેડ મેળવેલા માટે સ્વયં સ્પષ્ટ છે. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા.૧–૬–૮૭ કે ત્યાર બાદ મેળવેલ હોય તો તેઓને તે સંવર્ગમાં ૧૧ વર્ષ પૂર્ણ સેવા આપ્યાથી ત્યાર બાદનું બીજુ ઉચ્ચતર આપવા પાત્ર થાય છે. સરકારશ્રીના નાણા વિભાગના ૧૬–૮–૯૪ ના ઠરાવના પાના નં.૨ ઉપર આપેલ આમુખના ત્રીજા ફકરાની છઠ્ઠી લીટીથી આઠમી લીટી સુધીના જણાવ્યા પ્રમાણે પણ રૂા.૬૫૦૦ થી ૧૦૫૦૦ નું પગાર ધોરણ મળવા પાત્ર થાય છે તેવું જણાવેલ છે. (૮) ઉચ્ચતર પગાર અંગે પ્રા.શિક્ષણ નિયામકશ્રી તરફથી સરકારશ્રીના જી.આર. (ઠરાવ) પ્રમાણે કઈ કઈ કામગીરી કરવામાં આવતી નથી તેની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયમ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ અંગે સરકારશ્રીના જી.આર મુજબ કામગીરી કરવામાં આવે છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માહિતી ખોટી અને બીન પાયાદાર જણાવેલ છે. ૧૭ વર્ષે સીલેકશન ગ્રેડ આપેલ નથી. અ.નં.૪ માં જણાવ્યા પ્રમાણે અને ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પગર/૧૧૯૪/૪૫ તા.૧૬–૮–૯૪ સ્વયં સ્પષ્ટ છે કોલમ નં.૩(૫) ૩(૭ અને ૩(૨૯) પણ સ્વયં સ્પષ્ટ છે ૩(૫) બે કરતાં વધુ બઢતીઓ ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોવા જોઈએ નહીં. ૩(૭) ૧–૬–૧૯૮૭ ના રોજ કે ત્યાર બાદ નવ વર્ષ કરતાં વધુ નોકરી કરી હોય તેમને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં બીજા ૧૧ વર્ષની નોકરી પૂરી કરે ત્યાર બાદ પાત્રતાના આધારે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવા પાત્ર થહે તે જ પ્રમાણે રૂા.૧૬૦૦૪૦ થી ૨૯૦૦ નો પગાર ધોરણ પ્રથમ ઉચ્ચતર તરીકે મળેલ હોઈ ત્યાર બાદ ૧૧ વર્ષ પૂર્ણ થયે રૂા.૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦ થી ૧ ૦૫૦૦) જું પગાર ધોરણ મળવા પાત્ર છે. ૩/૨૯ સીલેકશન/સીનીયર ગ્રેડ મેળવેલા માટે સ્વયં સ્પષ્ટ છે. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા.૧–૬–૮૭ કે ત્યાર બાદ મેળવેલ હોય તો તેઓને તે સંવર્ગમાં ૧૧ વર્ષ પૂર્ણ સેવા આપ્યાથી ત્યાર બાદનું બીજુ ઉચ્ચતર આપવા પા ત્ર થાય છે. સરકારશ્રીના નાણા વિભાગના ૧૬–૮–૯૪ ના ઠરાવના પાના નં.૨ ઉપર આપેલ આમુખના ત્રીજા ફકરાની છઠ્ઠી લીટીથી આઠમી લીટી સુધીના જણાવ્યા પ્રમાણે પણ રૂા.૬૫૦૦ થી ૧૦૫૦૦ નું પગાર ધોરણ મળવા પાત્ર થાય છે તેવું જણાવેલ છે.(૯) ૩૧ વર્ષ પૂર્ણ થતાં આપવાના પગાર ધોરણ અંગે રાજય સરકારીશ્રી ના સબંધિત અધિકારીશ્રીઓ પાસે જે માર્ગદર્શન માંગ્યું હોય તથા એલ. એફ. સુરત પાસે આ અંગે જે માહિતી માંગી હોય તેની નકલો અને મળેલ જવાબોની નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સીલેકશન ગ્રેડ કે બીજા બે સીનીયર ગ્રેડ આપેલ હોઈ નિયમ મુજબ ૩૧ વર્ષનો ગ્રેડ મળવા પાત્ર ન હોઈ હવે પછી સક્ષમ સત્તાશ્રીએ નિર્ણય લેવાનો હોઈ માર્ગદર્શન માંગવાની કોઈ જરૂર નથી. સક્ષમ સત્તાધીશે જી.આર. ના કરેલ અભ્યા

મુજબ તા.૧૬–૮–૯૪ ના કોલમ ૩(૫) ૩(૭) તથા ૩(૨૯) મુજબ ગ્રેડ મળવા પાત્ર નથી. આમ જાહેર માહિતી અધિકારીએ તમામ માહિતી આપવાનો શ્રેષ્ઠ પ્રયત્ન કરેલ છે તેમ છતાં તમોને આપેલ માહિતીથી સંતોષ થતો ન હોય તો કચેરીનો અગાથી સમય મેળવી રેકર્ડ ચેક કરી જવા જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં માહિતી ખોટી અને બીન પાયાદાર જણાવેલ છે. ૧૭ વર્ષે સીલેકશન ગ્રેડ આપેલ નથી. અ.નં.૪ માં જણાવ્યા પ્રમાણે અને ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પગર/૧૧૯૪/૪૫ તા.૧૬–૮–૯૪ સ્વયં સ્પષ્ટ છે કોલમ નં.૩(૫) ૩(૭ અને ૩(૨૯) પણ સ્વયં સ્પષ્ટ છે ૩(૫) બે કરતાં વધુ બઢતીઓ ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોવા જોઈએ નહીં. ૩(૭) ૧–૬–૧૯૮૭ ના રોજ કે ત્યાર બાદ નવ વર્ષ કરતાં વધુ નોકરી કરી હોય તેમને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં બીજા ૧૧ વર્ષની નોકરી પૂરી કરે ત્યાર બાદ પાત્રતાના આધારે દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવા પાત્ર થશે તે જ પ્રમાણે રૂા.૧૬૦૦૪૦ થી ૨૯૦૦ નો પગાર ધરોણ પ્રથમ ઉચ્ચર તરીકે મળેલ હોઈ ત્યાર બાદ ૧૧ વર્ષ પૂર્ણ થયે રૂા.૨૦૦૦ થી ૩૫૦૦ (૬૫૦૦ થી ૧૦૫૦૦) જું પગાર ધોરણ મળવા પાત્ર છે. ૩/૨૯ સીલેકશન/સીનીયર ગ્રેડ મેળવેલા માટે સ્વયં સ્પષ્ટ છે. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા.૧–૬–૮૭ કે ત્યાર બાદ મેળવેલ હોય તો તેઓને તે સંવર્ગમાં ૧૧ વર્ષ પૂર્ણ સેવા આપ્યાથી ત્યાર બાદનું બીજુ ઉચ્ચતર આપવા પાત્ર થાય છે. સરકારશ્રીના નાણા વિભાગના ૧૬–૮–૯૪ ના ઠરાવના પાના નં.૨ ઉપર આપેલ આમુખના ત્રીજા ફકરાની છટ્ઠી લીટીથી આઠમી લીટી સુધીના જણાવ્યા પ્રમાણે પણ રૂા.૬૫૦૦ થી ૧૦૫૦૦ નું પગાર ધોરણ મળવા પાત્ર થાય છે તેવું જણાવેલ છે.આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે તેમ છતાં કોઈ માહિતી અસ્પષ્ટ જણાય તો તે અંગે તે જાહેર માહિતી અીધકારીએ આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન આપવાની તૈયાર પણ દર્શાવેલ છે પરંતુ અરજદારની અપીલ તબકકેની સરખી રજૂઆતોને ધ્યાને લેતાં અરજદારનો પ્રશ્ન ઉચ્ચતમપગાર ગ્રેડ બાબતેનો તકરાર નિવારણને લગતો પ્રશ્ન હોઈ તે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડેલ જણાય છે. તેમ છતાં આપેલ માહિતીમાં અરજદારે જણાવેલ અસ્પષ્ટતા બાબતે જાહેર માહિતી અધિકારીએ આગોતરો સમય દિન–૭ માં મેળવી ઈન્સ્પેકશન કરી શકે છે. આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ હુકમ મુજબ અમલવારી કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે. અરજદારના ઉચ્ચતમ પગાર ગ્રેડ અંગે તકરાર નિવારણને લગતા પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ બી. ચૌહાણ,